


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 322
Dt.: 01-08-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### માલેગાંવ બ્લાસ્ટ કેસમાં મોટો ચુકાદો

# સાધ્વી પ્રજ્ઞા-કર્નલ પુરોહિત સહિત તમામ આરોપી નિર્દોષ જાહેર

## આ વિસ્ફોટ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં ૨૦૦૮માં થયેલા માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચૂકાદો ૧૭ વર્ષ પછી આજે આવ્યો છે. આજે આવેલા NIA કોર્ટના ચૂકાદામાં માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સિંહ સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. તમામ આરોપીઓનો છૂટકારો થયો છે. આ બહુચર્ચિત કેસની સુનાવણી કરી રહેલી NIAની ખાસ કોર્ટ આજે ચૂકાદો સંભળાવવામાં આવ્યો હતો. આ કેસમાં પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને આર્મી કર્નલ પ્રસાદ પુરોહિત સહિત ૧૨ લોકો આરોપી છે. આ વિસ્ફોટ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ન્યાયાધીશે કહ્યું કે સાધ્વી ચોક્કસપણે બાઈકની માલિક છે, પરંતુ બાઈક તેના કબજામાં હોવાનો કોઈ પુરાવો નથી. ATS અને NIA ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે. ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો. પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો, બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી. NIA કોર્ટે માલેગાંવ વિસ્ફોટના પીડિતોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે હું બધા આરોપીઓને શંકાનો લાભ આપી રહ્યો છું. આ સાથે, ANI સ્પેશિયલ કોર્ટે સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે કહ્યું કે અભિનવ ભારતનું નામ વારંવાર ઉલ્લેખવામાં આવે છે. પ્રસાદ પુરોહિત ટ્રસ્ટી હતા. અજય રાહિરકર ખજાનચી હતા. બંનેના ખાતામાં પૈસાની લેવડદેવડના પુરાવા છે, પરંતુ આ પૈસાનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થયો ન હતો. પુરોહિતે આ પૈસા બાંધકામના કામ માટે વાપર્યા હતા. કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

તપાસ એજન્સીઓના મતે, આરોપીઓ પર હિન્દુત્વ પ્રેરિત સંગઠનો દ્વારા સુનિયોજિત કાવતરાના ભાગ રૂપે વિસ્ફોટ કરવાનો આરોપ છે. સાધ્વી પ્રજ્ઞા ઉપરાંત, કર્નલ પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સ્વામી દયાનંદ પાંડે અને સુધાકર ચતુર્વેદી જેવા નામોનો સમાવેશ થાય છે. આ કેસમાં કુલ ૩૨૩ સાક્ષીઓના નિવેદનો નોંધાયા હતા, જેમાંથી ૩૨ સાક્ષીઓએ પાછળથી પોતાના નિવેદનો બદલ્યા હતા. NIA એ કોર્ટને આરોપીઓને કોઈ છૂટ ન આપવા વિનંતી કરી છે. જોકે, એજન્સીએ અગાઉ એમ પણ કહ્યું હતું કે બધા આરોપીઓ સામે નક્કર પુરાવા મળ્યા નથી.

કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર સવાલ ઉઠાવ્યા છે.

જજે ચુકાદામાં શું કહ્યું?

ATS અને NIA ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે.

ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો.

પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો. બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી.

ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા.

પુરાવા દૂષિત થયા છે.

ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો.

તપાસ એજન્સીઓ એ સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે કે બાઈક સાધ્વીની છે.

તપાસ એજન્સીઓ દાવો કરે છે કે બાઈક સાધ્વીની છે પરંતુ ફરિયાદ પક્ષ બાઈકનો ચેસિસ નંબર શોધવામાં નિષ્ફળ ગયો છે.

### નિર્દોષ છૂટ્યા બાદ સાધ્વી પ્રજ્ઞાની પ્રતિક્રિયા

# કોર્ટનો આ ચુકાદો મારી નહીં પરંતુ ભગવાની જીત છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

માલેગાંવ બ્લાસ્ટ કેસમાં બધા આરોપીઓને નિર્દોષ છોડી દેવામાં આવ્યા છે. પૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર, લેફ્ટિનેન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત ૭ આરોપીઓને NIA કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસના બધા સાક્ષી પોતાના શરૂઆતી દાવાથી ફરી ગયા હતા. તેના કારણે કોઈને દોષી સાબિત કરી શકાયા નહીં.

હવે આ કેસમાં કોર્ટના ચુકાદા બાદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરનું નિવેદન સામે આવ્યું છે. કોર્ટના ચુદાકા બાદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુરે કહ્યુ કે આ ભગવાની જીત છે. સાધ્વી પ્રજ્ઞાએ કહ્યું કે કોર્ટનો આ ચુકાદો મારી નહીં પરંતુ ભગવાની જીત છે.

તેમણે કહ્યું કે માલેગાંવ બ્લાસ્ટ બાદ મારૂ જીવન બરબાદ થયું, મને અપમાનિત કરવામાં આવી, મને આતંકી બનાવી દેવામાં આવી. માલેગાંવ બ્લાસ્ટ કેસમાં એનઆઈએ કોર્ટે આજે ચુકાદો આપ્યો છે.

પ્રજ્ઞા સિંહ ઠાકુરને સામાન્ય રીતે સાધ્વી પ્રજ્ઞા તરીકે ઓળખવામાં આવે છે. તે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલથી ભાજપના ભૂતપૂર્વ સાંસદ છે. પ્રજ્ઞા સિંહ ઠાકુરે બાળપણથી જ પોતાના વાળ ટૂંકા રાખ્યા છે. સાધ્વી પ્રજ્ઞા કોલેજના દિવસોમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ની સક્રિય સભ્ય હતી. કોલેજ પછી તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વિવિધ સહયોગી સંગઠનોમાં જોડાઈ. આ ઉપરાંત પ્રજ્ઞા સિંહ ઠાકુર પર ૨૦૦૮ માં માલેગાંવ બોમ્બ વિસ્ફોટમાં સામેલ હોવાનો આરોપ હતો. પોલીસે આ કેસમાં તેમની ધરપકડ પણ કરી હતી. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે વિસ્ફોટ કરનાર તે બાઈક પ્રજ્ઞા સિંહ ઠાકુરની હતી. આ માટે પોલીસે આતંકવાદના આરોપસર તેમની ધરપકડ કરી હતી. કોર્ટે સ્વાસ્થ્ય કારણોસર તેમના જામીન મંજૂર કર્યા હતા.

### રાહુલ ગાંધીએ મુદ્દો ભટકાવવાનો લગાવ્યો આરોપ

# માલેગાંવ બ્લાસ્ટને લઈને આવેલા ચુકાદા પર વિપક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

માલેગાંવ બ્લાસ્ટને લઈને આવેલા ચુકાદા પર વિપક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે, આ ચુકાદો છે, ન્યાય નથી. અમે તો પહેલા દિવસથી કહીએ છીએ કે, આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. ગુરૂવારે (૩૧ જુલાઈ) NIA કોર્ટે ૨૦૦૮ બ્લાસ્ટ કેસમાં ભાજપના પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર સહિત તમામ આરોપીને મુક્ત કરી દીધા છે. આ બ્લાસ્ટમાં ૬ લોકોના મોત નિપજ્યા હતા. આ ચુકાદાને લઈને લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને ઉત્તર પ્રદેશના રાયબરેલીથી કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સરકાર પર મુદ્દાને ભટકાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, સરકારે નીતિઓને તબાહ કરી દીધી અને હવે મુદ્દો ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે કહ્યું કે, પોલીસે બધી લિંક જોડી હતી, તો આ બધું કોણે કર્યું... તેમાં કોઈ શંકા નથી કે માલેગાંવમાં બ્લાસ્ટ થયો હતો... આતંકવાદને હિન્દુઓ અને મુસ્લિમોમાં વહેંચી ન શકાય...

શિવસેના (UBT) નેતા આનંદ દુબેએ કહ્યું કે, કોર્ટેનો જે નિર્ણય છે, તેનું સ્વાગત છે. ૧૭ વર્શ વર્ષ બાદ સત્ય તો મળ્યું... વિચારો કે, ૭ આરોપીના જીવનના ૧૭ વર્ષ કેવા વીત્યા હશે? આ સાથે જ એક પ્રશ્ન પણ ઊભો થાય છે કે, ૧૭ વર્ષ લાગી ગયા ન્યાય માંગવામાં? અમે કોર્ટનો આભાર માની છીએ. કોર્ટે પણ કહ્યું કે, આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. અમુક નેતાઓએ ભગવા આતંકવાદનું સૂત્ર આપ્યું હતું પરંતુ, ભગવો ક્યારેય આતંકવાદ સાથે જોડાઈ ન શકે. દુર્ભાગ્ય છે કે, અમુક લોકો ભગવાને આતંકવાદ કહે છે. ન્યાય માંગવામાં સમય લાગે છે, પરંતુ ન્યાય જરૂર મળે છે. NIA કોર્ટમાં ન્યાયાધીશને સંબોધિત કરતા પ્રજ્ઞા સિંહે કહ્યું કે, મેં શરૂઆતથી જ કહ્યું હતું કે, જેને પણ તપાસ માટે બોલાવવામાં આવે છે, તેમની પાછળ કોઈને કોઈ આધાર જરૂર હોવો જોઈએ. મને તપાસ માટે બોલાવવામાં આવી અને મારી ધરપકડ કરી મને પ્રતાડિત કરવામાં આવી. જેનાથી મારૂ આખું જીવન ખરાબ થઈ ગયું. હું એક સાધુનું જીવન જીવી રહી હતી પરંતુ, મારા પર આરોપ લગાવવામાં આવ્યો અને કોઈપણ અમારી સાથે ઊભું ન રહ્યું. હું જીવિત છું કારણ કે હું સંન્યાસી છું. તેમણે કાવતરૂં કરીને ભગવાને બદનામ કર્યુ. આજે ભગવાની જીત થઈ છે, હિન્દુત્વની જીત થઈ છે અને ઈશ્વર ગુનેગારોને સજા આપશે. જોકે, ભારત અને ભગવાને બદનામ કરનારાઓને તમે ખોટા સાબિત નથી કર્યા!

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા

# ભારત અને રશિયાનું અર્થતંત્ર મૃત છે, અમારે તેમની સાથે વેપાર જ નથી કરવો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫% ટેરિફ લગાવવાનો નિર્ણય લીધો છે. હવે તેમણે રશિયા અને ભારતના અર્થતંત્રને મૃત ગણાવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ એ પણ સંકેત આપ્યા છે કે, કે અમેરિકા હવે આ બંને દેશ સાથે વધુ વેપાર કરવા માંગતું નથી. નોંધનીય છે કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાએ ભારત પર ટેરિફ લગાવ્યો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું,મને કોઈ ફરક નથી પડતો કે ભારત રશિયા સાથે શું કરે છે. મને ફક્ત એ જ ફરક પડે છે કે તે મળીને પોતાના મૃત અર્થતંત્રને કેવી રીતે નીચે લાવી શકે છે. અમે ભારત સાથે ખૂબ જ ઓછો વેપાર કર્યો છે કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે. રશિયા અને અમેરિકા પણ લગભગ કોઈ વેપાર કરતા નથી. ચાલો તેને આ રીતે જ રાખીએ.

રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ પર પ્રહાર કતરતા ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું રશિયાના નિષ્ફળ પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ હજુ પણ પોતાને પ્રમુખ માને છે. તેણે પોતાના શબ્દો પર ધ્યાન આપવું જોઈએ. તે ખૂબ જ ખતરનાક ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે,રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતુ કે, અમેરિકાના પ્રખુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા સાથે અલ્ટિમેટમ ગેમ રમી રહ્યા છે અને આવા દ્રષ્ટિકોણ અમેરિકાને રશિયા સાથે યુદ્ધ તરફ દોરી શકે છે.

અમેરિકાએ ફરી એકવાર ભારત પર ૨૫% ટેરિફ ઝીંક્યો છે. ૩૦ જુલાઈના રોજ, ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટ કરીને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત રશિયા પાસેથી ખૂબ જ મોટા પાયે શસ્ત્રો અને ઓઈલ ખરીદી રહ્યું છે. હાલ આખું વિશ્વ ઈચ્છે છે કે, રશિયા યુક્રેનમાં હુમલા કરવાનું બંધ કરે. આ બધું યોગ્ય નથી થઈ રહ્યું. આ માટે ભારતે પણ ૨૫% ટેરિફ અને દંડ ચૂકવવો પડશે. આ નિયમ પહેલી ઓગસ્ટથી લાગુ થઈ જશે. આભાર. મેક અમેરિકા ગ્રેટ અગેઈન.

અમેરિકા ભારત પાસેથી તેના કૃષિ અને ડેરી ઉત્પાદનો અને આનુવંશિક રીતે સુધારેલા પાક માટે બજારો ખોલવા અને તેમના પરના ટેરિફ ઘટાડવાની માગ કરી રહ્યું છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત આ ક્ષેત્રોમાં ૧૦૦ ટકા સુધી ટેરિફ દૂર કરે અથવા ઘટાડે. ભારત આ માટે સંમત નથી. ભારત સંમત ન થવાનું કારણ એ છે કે ભારતમાં વસ્તીનો મોટો વર્ગ આનાથી પ્રભાવિત થશે. ખાસ કરીને નાના ખેડૂતો આનાથી પ્રભાવિત થઈ શકે છે.

### ઝેલેન્સ્કીનું રાષ્ટ્રપ્રમુખ પદ જશે?

# યુક્રેનના આર્મી ટ્રેનિંગ કેમ્પ પર હુમલો ૨૦૦ સૈનિકો માર્યાનો રશિયાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયા-યુક્રેન યુદ્ધના ત્રણ વર્ષથી વધુ સમય પછી પણ જમીન પર પરિસ્થિતિ અત્યંત તંગ છે. આ દરમિયાન રશિયાએ યુક્રેનના ચેર્નિહિવ ક્ષેત્રમાં એક લશ્કરી તાલીમ કેન્દ્ર પર મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં ત્રણ યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા અને ૧૮ અન્ય ઘાયલ થયા. જોકે, રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે આ હુમલામાં લગભગ ૨૦૦ યુક્રેનિયન સૈનિકો માર્યા ગયા છે.રશિયન મંત્રાલયના જણાવ્યા અનુસાર યુક્રેનના ૧૬૯મા તાલીમ કેન્દ્રને બે મિસાઈલો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું.

યુક્રેનિયન વાયુસેનાએ આપેલી માહિતી મુજબ રશિયાએ મંગળવારે રાત્રે ૭૮ ડ્રોન હુમલા કર્યા હતા, જેમાંથી કેટલાક નવી ટેકનોલોજીવાળા જેટ સંચાલિત ડ્રોન હતા. આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૫ નાગરિકો ઘાયલ થયા હતા. દરમિયાનમાં યુક્રેનના કેટલાક નેતાઓ સાથે યુએસ અને યુકેના અધિકારીઓની ગુપ્ત બેઠક થઈ છે. આ બેઠકમાં ઝેલેન્સ્કીને રાષ્ટ્રપ્રમુખ પદ પરથી દૂર કરવાના મુદ્દા પર ચર્ચા થઈ હતી. કેટલાંક દાવા મુજબ, યુએસ અને યુકે ઈચ્છે છે કે ઝેલેન્સ્કીના સ્થાને ભૂતપૂર્વ સેના વડા વેલેરી ઝાલુઝિની કમાન સંભાળે.

### પાકિસ્તાનને ભારતનો વધુ એક ઝટકો

# રામબન જિલ્લાના ચિનાબ નદી પરથી પ્રોજેક્ટ શરુ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે પડોશી દેશ પાકિસ્તાનને મોટો ઝટકો આપવાની તૈયારીઓ શરુ કરી દીધી છે. કેન્દ્ર સરકારે ચાર દાયકાના વિલંબ બાદ આખરે સાવલકોટ પાવર પ્રોજેક્ટનું નિર્માણ વહેલીતકે શરુ કરવાનો નિર્ણય કર્યો છે. સરકારે આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે ઈન્ટરનેશનલ ટેન્ડર પ્રક્રિયા શરુ કરી દીધી છે. જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં આવેલો આ પ્રોજેક્ટ ૧૮૫૬ મેગાવોટ પાવરનો છે. સરકારે ઓનલાઈન બિડ જમા કરવાની અંતિમ તારીખ ૧૦ સપ્ટેમ્બર નક્કી કરી છે. સાવલકોટ પાવર પ્રોજેક્ટ વહીવટી અચડચણો, પર્યાવરણ કારણો અને પાકિસ્તાનના વાંધાના કારણે દાયકાઓથી વિલંબમાં પડેલો છે. યોજના મુજબ રામબન જિલ્લાના ચિનાબ નદી પરથી પ્રોજેક્ટ શરુ કરવામાં આવશે. ભારત સરકારે સિંધુ નદી સમજૂતી કરાર સસ્પેન્ડ કર્યા બાદ અટકેલો પ્રોજેક્ટ ફરી શરુ કરવાનો નિર્ણય કરતાં પાકિસ્તાનને બેવડો ફટકો પડશે. નિષ્ણાતોનું માનવું છે કે, આપણે પાકિસ્તાન તરફ વહેતા પાણીને અટકાવવા માટે પાણી સંગ્રહ ક્ષમતા વધારવાની જરૂર છે. ભારત સાવલકોટ પ્રોજેક્ટ બની ગયા બાદ પાણીનો સારી રીતે ઉપયોગ કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે પાંચ આતંકવાદીઓએ હુમલો કરી ૨૬ નિર્દોષોને મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનને સ્પષ્ટ કહ્યું હતું કે, વેપાર અને આતંક, પાણી અને લોહી, ગોળીઓ અને બોલી એક સાથે ન થઈ શકે. પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે તુરંત કાર્યવાહી કરી પાકિસ્તાન સાથે સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કરી દીધી હતી. ત્યારબાદ પાકિસ્તાન લાલચોળ થઈ ગયું હતું. પ્રોજેક્ટનું નામ સાવલકોટ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ છે, જેમાં ૧૮૫૬ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા છે. આનાથી દેશના ઉત્તરીય ગ્રીડમાં ઊર્જાની અછતને પૂરી કરવામાં મદદ થશે. આ પ્રોજેક્ટની કલ્પના સૌપ્રથમ ૧૯૮૪માં કરવામાં આવી હતી. જોકે દાયકાઓ સુધી તે પડતર રહ્યો હતો. આ પ્રોજેક્ટ સિંધુ જળ સંધિ (Indus Water Treaty) હેઠળ આવતો હોવાથી પાકિસ્તાને તેના નિર્માણ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ સંધિ હેઠળ ભારતને પશ્ચિમી નદીઓ(સિંધુ, ઝેલમ અને ચિનાબ)ના પાણીનો મર્યાદિત ઉપયોગ કરવાની છૂટ છે, અને પાકિસ્તાન આવા પ્રોજેક્ટ્સની ડિઝાઈન પર વાંધા ઉઠાવતું રહ્યું હતું. હવે ભારતે ચિનાબ નદી પરના લાંબા સમયથી પડતર આવા છ પ્રોજેક્ટ્સને ઝડપથી આગળ વધારવાનો નિર્ણય લીધો છે. સાવલકોટ પ્રોજેક્ટનું નિર્માણ ભારતના આર્થિક વિકાસ અને ઊર્જા સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે, અને તે પાકિસ્તાન સાથેના જળ સંધિ સંબંધોમાં પણ એક વ્યૂહાત્મક પગલું માનવામાં આવે છે.




## તંત્રી લેખ......

# દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાનમાં ભારે વરસાદ, નદીઓ છલકાઈ

દિલ્હી, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે વરસાદનો દોર જોવા મળી રહ્યો છે. જેના કારણે અનેક નદીઓ ગાંડીતૂર બની છે. નદી-નાળા છલકાવા માંડ્યા છે. સ્કૂલોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. રાજસ્થાનના સવાઈ માધોપુર, જયપુર, બુંદી, ધોલપુરમાં સ્થિતિ ચિંતાજનક થઈ ગઈ છે. જ્યારે મધ્ય પ્રદેશના શિવપુરી, સાગર, વિદિશા અને ગુનામાં પૂર જેવી સ્થિતિને કારણે ચિંતા વધી ગઈ છે. બચાવ કામગીરી માટે આર્મીએ મેદાનમાં ઊતરવું પડ્યું છે.

રાજસ્થાનની ઘણી નદીઓ છલકાઈ રહી છે અને ઘણા બંધ છલકાઈ રહ્યા છે. ધોલપુરમાં ચંબલ નદી છલકાઈ રહી છે. ચંબલ આ સમયે ખતરાના નિશાનથી ૧૧ મીટર ઉપર વહી રહી છે. ચંબલ કિનારાના ઘણા ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. કેટલાક ગામોમાં ૧૦-૧૫ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું છે. ગામડાઓમાં હવે કોઈ નથી. લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ગુરુવારે અજમેર, જયપુર, બિકાનેર અને જોધપુર વિભાગના કેટલાક ભાગોમાં ભારે અને ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે.

બીજી તરફ, મધ્ય પ્રદેશમાં સોમવારથી એટલો ભારે વરસાદ શરૂ થયો કે ૧૩ જિલ્લાઓમાં જીવનની ગતિ ઠપ્પ થઈ ગઈ. તસવીરો બતાવે છે કે કેવી રીતે પાણીએ બધું જ ડૂબાડી દીધું છે. મુરેના, ભિંડ, ગ્વાલિયર, બુંદેલખંડ ક્ષેત્રમાં ચંબલ નદી પૂરની જેમ ઉભરાઈ રહી છે. સિંધ અને તેની ઉપનદીઓ શિવપુરી અને વિદિશામાં ગામડાઓને ડૂબાડી રહી છે. આ તે નદીઓ છે જે પાછળથી યમુનામાં જોડાય છે અને પછી યમુના પ્રયાગરાજમાં ગંગામાં મળે છે.

નર્મદા કિનારાના વિસ્તારો પણ પૂરની ઝપેટમાં છે. નર્મદાપુર, ખંડવા, જબલપુર, ડિંડોરી અને હરદા વિસ્તારો વરસાદ અને પૂરની ઝપેટમાં છે. પૂર પછી, સેના અને અન્ય અધિકારીઓએ રાજ્યના વિવિધ જિલ્લામાંથી ૨૭ શાળાના બાળકો સહિત લગભગ ૨,૯૦૦ લોકોને બચાવ્યા છે. ભારે વરસાદને કારણે, ડિંડોરી, વિદિશા, જબલપુર, નર્મદાપુરમ, અલીરાજપુર, રાજગઢ અને બેતુલ જિલ્લામાં પણ પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે અને વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે. રાજસ્થાનમાં છેલ્લા ઘણા દિવસોથી સતત ભારે વરસાદને કારણે જયપુર, સવાઈ માધોપુર, કોટા, દૌસા, અલવર, ભરતપુર, ભીલવાડા, અજમેર, સીકર, ટોંક સહિત એક ડઝનથી વધુ જિલ્લાઓમાં પરિસ્થિતિ બગડવા લાગી છે. આ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ યથાવત છે. રાજ્યના ૧૪ જિલ્લાઓમાં આગામી બે દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, ભારે વરસાદને કારણે, સવાઈ માધોપુરના બોદલમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૫૫૨ પર સ્થિત પુલ ધોવાઈ ગયો છે અને કોટાના ઈટાવામાં પાર્વતી નદીમાં જોરદાર પૂરને કારણે, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. ઈટાવા-ખાટોલી પુલ પર દોઢ ફૂટ સુધી પાણી વહી રહ્યું છે, જેના કારણે કોટા-ગ્વાલિયર-શ્યોપુર રોડ પર પણ વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. ભારે વરસાદને પગલે દિલ્હીમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા અને રસ્તાઓ જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા.

### પશુ સારવાર અંગેના એક દિવસીય ટેક્નીકલ સેમિનારનો પશુપાલન મંત્રીશ્રીએ ગાંધીનગર ખાતે પ્રારંભ કરાવ્યો

# પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે રૂ. ૧૯.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત રાજ્યની વિવિધ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું

પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલની અધ્યક્ષતા હેઠળ GNLU-ગાંધીનગર ખાતે ''પરિવર્તનશીલ વિશ્વમાં પશુ સ્વાસ્થ્યઃ નવીનતા, રોગ નિવારણ અને પશુકલ્યાણ'' વિષય પર એક દિવસીય ટેક્નીકલ સેમીનારનો શુભારંભ સમારોહ યોજાયો હતો. આ સમારોહ દરમિયાન સેમિનારના શુભારંભ સાથે મંત્રી શ્રી રાઘવજી પટેલે એક સાથે રાજ્યના ૧૦ જિલ્લામાં રૂ. ૧૯.૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત કુલ ૩૧ પશુ સારવાર સંસ્થાનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ સમારોહ દરમિયાન ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ કૃત્રિમ બીજદાનની તાલીમ પૂર્ણ કરેલા રાજ્યના ૨૧૭ MAITRI ટેકનીશીયનને (મલ્ટી-પર્પઝ આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન ટેકનીશીયન ઈન રૂરલ ઈન્ડિયા) કૃત્રિમ બીજદાન માટે જરૂરી ૧૨ સાધન-સામગ્રી ધરાવતી કીટ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પશુ વીમા યોજના હેઠળ ક્લેમ મંજૂર થયો હોય તેવા લાભાર્થીઓને વીમા હેઠળ મળવાપાત્ર રૂ. ૪૦,૦૦૦ રકમના ચેક પણ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા પથ પર આગળ વધીને આજે ગુજરાતે પશુપાલન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સમગ્ર દેશમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. જેમાં રાજ્યના પશુપાલકો ઉપરાંત પશુ સારવાર માટે કામ કરતા રાજ્યના પશુ ચિકિત્સકોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. આજે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો ફાળો ૨૫ ટકા છે અને ભારતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત ચોથા ક્રમે છે. ગુજરાતમાં વાર્ષિક ૧૮૩ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન થઈ રહ્યું છે.



દૂધ ઉત્પાદન અને પશુ આરોગ્યને સીધો સંબંધ છે, તેમ કહી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતને દૂધ ઉત્પાદન ક્ષેત્રે હરહંમેશ અગ્રેસર રાખવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની રાજ્ય સરકારે પશુ સારવાર કેન્દ્ર અને ફરતા પશુ દવાખાના થકી ઘરઆંગણે પશુ આરોગ્ય સુવિધા, પશુ સંવર્ધન માટે રાહત દરે કૃત્રિમ બીજદાન અને IVFની સુવિધા, પશુઓમાં રોગ નિયંત્રણ માટે રસીકરણ અભિયાન, પશુ ચિકિત્સકોની ઉપલબ્ધતા, પશુઓના પોષણ માટેની યોજના તેમજ પશુઓના રક્ષણ માટે પશુ વીમા યોજના જેવી અનેકવિધ નવતર પહેલો કરી છે. આગામી સમયમાં ગુજરાતને પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર રાખવા માટે આજનો સેમીનાર ખૂબ જ મહત્વપૂર્ણ પૂરવાર થશે. સેમિનારમાં નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, પશુ રોગચાળા નિયંત્રણ, પશુ સંવર્ધન જેવા વિવિધ વિષયોને આવરી લેવામાં આવશે.

હવેના જમાનામાં પશુ સારવાર એટલે રોગનું નિદાન નહિ, પરંતુ સંભવિત રોગ સામે ટેકનોલોજીની મદદથી આગોતરી તૈયારી છે. મુખ્યમંત્રીશ્રીના સંકલ્પ અનુસાર વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં પશુપાલન ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ સેમિનારને પશુપાલન ક્ષેત્રના બમણા વિકાસ માટે ફળદાયી બનાવવા મંત્રીશ્રીએ સૌને આહ્વાન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન રાજ્યની વેટરનરી કોલેજોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને અવ્વલ આવેલા ૩૧ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ મંત્રીશ્રીના હસ્તે ''સ્ટુડન્ટ ઓફ ધ યર''ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વેળાએ મંત્રીશ્રી દ્વારા 'ઓલ ગુજરાત વેટરનેરીયંસ સોસીયલ સિક્યુરીટી ટ્રસ્ટ'ના વાર્ષિક અહેવાલ તેમજ 'ધ ગુજરાત વેટરીનરી ટેક્નીકલ ઓફિસર્સ એસોસિયેશન ડિરેક્ટરી'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

સમારોહના પ્રારંભે પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકરે સૌનું શાબ્દિક સ્વાગત કરીને પશુ સારવાર અંગેના એક દિવસીય ટેક્નીકલ સેમિનારની જરૂરિયાત અને મહત્વ અંગે વિગતવાર માહિતી આપી હતી. સાથે જ તેમણે, ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં પશુપાલન ક્ષેત્રના યોગદાન અને પશુપાલન ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારના નવતર પ્રયાસોની પણ વિસ્તૃત ભૂમિકા આપી હતી. કાર્યક્રમના અંતે અધિક પશુપાલન નિયામક ડૉ. કિરણ વસાવાએ આભારવિધિ કરી હતી.

દિવસ દરમિયાન ચાલેલા વિવિધ ટેક્નીકલ સત્રોમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા આધુનિક પશુ સારવાર અને પશુસંવર્ધન સંબંધિત વિવિધ મુદ્દે સઘન ચર્ચા કરવામાં આવી હતી.

સાથો સાથ રાજ્યમાં જોવાં મળતા લમ્પી સ્કિન ડિસીઝ રોગચાળા અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પશુપાલન વિભાગના ક્ષેત્રીય અધિકારીશ્રીઓએ આ રોગના નિદાન, સારવાર અને રસીકરણ અંગે પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા તેમજ પશુપાલન નિયામકશ્રીએ લમ્પી રોગ અંગે વધુ સતર્કતા રાખવા અને પશુપાલકોને જરૂરી માર્ગદર્શન આપવા ખાસ આહ્વાન કર્યું હતું. આ સમારોહમાં ઓલ ગુજરાત વેટરનેરીયંસ સોસીયલ સિક્યુરીટી ટ્રસ્ટના પ્રમુખ શ્રી એસ. ટી. દેસાઈ, ગુજરાત વેટરીનરી કાઉન્સીલના અધ્યક્ષ શ્રી ભગીરથ પટેલ, ગુજરાત બાયો-ટેક્નોલોજી રીસર્ચ સેન્ટરના નિયામક શ્રી સી. જી. જોશી, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના પ્રતિનિધિ ડૉ. નીલેશ નાઈ સહિત પશુપાલન ક્ષેત્રના વિષય નિષ્ણાતો, નિવૃત્ત અધિકારીશ્રીઓ, સરકારી તથા સહકારી ડેરી સંઘના પશુ ચિકિત્સકો અને ખાનગી ક્ષેત્રના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

- નિતિન રથવી

## 'ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ ઓફિસર- WIVES એસોસિએશન દ્વારા પુનિત વન,ગાંધીનગર ખાતે વિવિધ ૧૧૧ વૃક્ષ-છોડ વાવવામાં આવ્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સહિત ભારતભરમાં શરૂ કરવામાં આવેલ 'એક પેડ મા કે નામ ૨.૦ અભિયાન' અંતર્ગત ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ ઓફિસર- WIVES એસોસિએશનના અધ્યક્ષા અને વન વિભાગના વડા ડૉ.એ.પી.સિંઘના નેતૃત્વમાં પુનિત વન,ગાંધીનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીના ધર્મપત્ની અને IAS WIVES એસોસિએશનના અધ્યક્ષા શ્રીમતી જ્યોત્સના જોષી, IPS WIVES એસોસિએશનના અધ્યક્ષા અને પોલીસ વડા શ્રી વિકાસ સહાયના ધર્મપત્ની શ્રીમતી અનુરાધા સહાય સહિત તેમની સમગ્ર ટીમ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી બની હતી.

IFS- WIVES એસોસિયેશનના અધ્યક્ષા તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમના મુખ્ય આયોજક શ્રીમતી ગીતા સિંઘે આ પ્રસંગે જણાવ્યું હતું કે,પર્યાવરણના સંવર્ધન,જતન અને સંરક્ષણના ધ્યેય સાથે ગાંધીનગર અને અમદાવાદ ખાતે સેવારત અંદાજે ૫૫ જેટલા IAS, IPS અને IFS અધિકારીઓની ધર્મપત્ની -ટીમ દ્વારા તેમના નામ સાથે 'એક પેડ મા કે નામ ૨.૦ અભિયાન' અંતર્ગત વિવિધ પ્રકારના કુલ ૧૧૧ વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

જેમાં મુખ્યત્વે પીંપળ, વડ, જાંબુ, કુસુમ આંબળા, રાયણ, બોરસલ્લી, સરગવો ઉમરો, ખાટી આંબલી, બહેડા, કાજલિયા,અર્જુન સાદળ, પૌગારો અને રેન્ટ્રી જેવા ફળાઉ તેમજ ઔષધીય વૃક્ષોનો સમાવેશ થાય છે તેમ,તેમણે ઉમેર્યું હતું.

- જનક દેસાઈ

# નેપાળના ફ્રી યૂથ ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશનના ૧૪ સંસદ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

નેપાળના ફ્રી યૂથ ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશનના ૧૪ સંસદ સભ્યોના પ્રતિનિધિ મંડળ આગામી તા.૦૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી ગુજરાતના પ્રવાસે છે, જે અંતર્ગત આજે તેમણે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. વિધાનસભાની મુલાકાતે પધારેલા નેપાળના ડેલિગેશનનું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન ભાવનાત્મક અને આધ્યાત્મિક રીતે જોડાયેલા ભારત અને નેપાળના સુમેળભર્યા સંબંધો તથા સાંસ્કૃતિક આદાન પ્રદાન વિશે ચર્ચા કરવામાં આવી હતી.



આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે. આજે રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ અને વાઈબ્રન્ટ સમિટ જેવા સફળ આયોજનો થકી દેશના વિકાસમાં ગુજરાતનું ખૂબ મોટું યોગદાન રહેલું છે, જેથી સમાજ જીવનમાં પણ ખૂબ મોટો બદલાવ આવ્યો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના પરિણામે રાજ્યના ડ્રાય એરિયા સુધી પીવાનું અને સિંચાઈ માટેનું પાણી પહોંચવાથી એગ્રીકલ્ચર ક્ષેત્રે ખૂબ ગ્રોથ થયો છે. જેથી ગ્રામીણ અર્થતંત્રમાં મોટું પરિવર્તન આવ્યું છે. ગુજરાત રાજ્યની સહકારી સંસ્થા અમૂલને રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત થઈ છે. રાજ્યમાં NFSU, PDEU અને ચિલ્ડ્રન યુનિવર્સિટી જેવી વિવિધ સંસ્થાઓ તેમજ શાળા પ્રવેશોત્સવથી શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. આ ઉપરાંત બેટી બચાવો, સાક્ષરતા, સ્વચ્છતા જેવા વિવિધ અભિયાનો થકી ગુજરાતે સામાજિક ક્ષેત્રે ખૂબ વિકાસ કર્યો છે, તેમ અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું. નેપાળના પાર્લામેન્ટ મેમ્બર શ્રી રાજેન્દ્રપ્રસાદ પાંડેએ જણાવ્યું હતું કે, સાયન્સ એન્ડ ટેક્નોલોજીના માધ્યમથી ચાલતી વિધાનસભાની સમગ્ર કામગીરી ખૂબ પ્રશંસનીય છે. આજે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ અમારી સમગ્ર ટીમને ભારતની લોકશાહી અને સંસદીય કાર્યપ્રણાલી તેમજ ગુજરાત મોડલ વિશે માહિતી આપી તે બદલ અમે ખૂબ પ્રસન્નતા અનુભવીએ છીએ. વિધાનસભા મુલાકાત દરમિયાન વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી સી.બી.પંડયાએ વિધાનસભાગૃહમાં મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ અને વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા, પેપરલેસ કામગીરીના ભાગરૂપે વિધાનસભામાં અમલી NeVA સેવા કેન્દ્ર સહિતની કામગીરી અંગે નેપાળના પ્રતિનિધિ મંડળને માહિતગાર કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના વિદેશ મંત્રાલયના સહયોગથી નેપાળના ફ્રી યૂથ ડેમોક્રેટિક ઓર્ગેનાઈઝેશનના ૧૪ સંસદ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાતના પ્રવાસે પધાર્યું છે.

આ પ્રવાસ દરમિયાન ડેલિગેશન સાબરમતી આશ્રમ, એકતાનગર ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી, અમૂલ ડેરી, સોમનાથ અને દ્વારકા સહિતના સ્થળોની મુલાકાત કરશે.

## દિલ્હીમાં બિલ્ડરોના સંકુલોમાં સીબીઆઈના ૪૭ દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-એનસીઆરમાં હજારો ફ્લેટ ખરીદદારો સાથે છેતરપિંડી કરનારા બિલ્ડરો પર સીબીઆઈ ત્રાટકી છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે તેણે વિવિધ બિલ્ડરો અને નાણા સંસ્તાઓના અજાણ્યા અધિકારીઓ સામે કેસ નોંધ્યો છે. સીબીઆઈએ ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટ તરફથી આપવામાં આવેલા આદેશનું પાલન કરતાં ૨૨ કેસ નોંધવામાં આવ્યા છે અને ૪૭ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. એનસીઆરમાં મકાન ખરીદીને લઈને ખરીદદારો સાથે છેતરપિંડી આચરવામાં આવી તેમા બિલ્ડરો અને બેન્ક વચ્ચે સાંઠગાંઠ ઉભરીને આવી છે. તેની તપાસ કરવા માટે સીબીઆઈએ આ પગલું લીધું છે. સીબીઆઈ તરફથી જારી કરવામાં આવેલા નિવેદન મુજબ ૨૨ કેસ નોંધવામાં આવ્યા છે. સીબીઆઈએ દિલ્હી, ગુરુગ્રામ, નોએડા, ગ્રેટર નોએડા, ગાઝિયાબાદ વગેરે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરમિયાન દસ્તાવેજ, ડિજિટલ ઈલેક્ટ્રોનિક પુરાવા પણ જપ્ત કરવામાં આવ્યા છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

### ટ્રમ્પના ટેરિફ પર લોકસભામાં ભારત સરકારનું નિવેદન

# રાષ્ટ્રહિતને આગળ વધારવા માટે તમામ જરૂરી પગલા ભરીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓપરેશન સિંદૂર પર સંસદના બંને ગૃહ રાજ્યસભા અને લોકસભામાં ચર્ચા પૂર્ણ થઈ ગઈ છે. હવે બંને ગૃહોમાં સામાન્ય કામગીરી ચાલી રહી છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૨૫ ટકા ટેરિફ પર નિવેદન આપ્યું હતું. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટેરિફ જાહેરાત પર લોકસભામાં નિવેદન આપ્યું હતું. પીયૂષ ગોયલે કહ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે ચાર રાઉન્ડની દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી. કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઘણી મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. આયાત પર ૧૦ થી ૧૫ ટકા ટેરિફ અંગે ચર્ચા થઈ હતી. દ્વિપક્ષીય વેપાર કરાર અંગે ચર્ચા થઈ હતી. કેટલીક વર્ચ્યુઅલ બેઠકો પણ યોજાઈ હતી. અમે આપણા સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરીશું. અમે રાષ્ટ્રીય હિતમાં જરૂરી દરેક પગલાં લઈશું. વિશ્વ વિકાસમાં ભારતનું યોગદાન ૧૬ ટકા છે અને આપણે વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છીએ. અમેરિકાના આ પગલાની અસરનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.પીયૂષ ગોયલના નિવેદન પછી સ્પીકર ઓમ બિરલાએ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મુલતવી રાખવાની જાહેરાત કરી. અગાઉ, સ્પીકરે શૂન્ય કાળની કાર્યવાહી શરૂ કરવાની વાત કરી હતી. પરંતુ વિપક્ષી સભ્યોએ વેલમાં આવીને હંગામો શરૂ કર્યો હતો. આ પછી અધ્યક્ષ સ્થાનેથી સ્પીકરે શુક્રવાર, ૧ ઓગસ્ટના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની જાહેરાત કરી.

### સરકારે આઠમા પગાર પંચની રચનાનો નિર્ણય લઈ લીધો છે

# આઠમાં પગાર પંચ અંગે સરકારે સંસદમાં આપી મહત્ત્વની જાણકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય કર્મચારીઓ દ્વારા કાગડોળે રાહ જોવાઈ રહેલા આઠમા પગાર પંચ વિશે સંસદ ગૃહમાં મહત્ત્વની અપડેટ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે મોનસૂન સત્ર દરમિયાન રાજ્યસભામાં આઠમા પગાર પંચ વિશે પૂછાયેલા સવાલોના જવાબ આપતાં કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ મહત્ત્વની જાણકારી આપી હતી. પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારે આઠમા પગાર પંચ (CPC)ની રચનાનો નિર્ણય લઈ લીધો છે. પ્રમુખ હિતધારકો પાસે તેની ભલામણો મંગાવવામાં આવી છે. તેનું સત્તાવાર નોટિફિકેશન ટૂંકસમયમાં જાહેર કરવામાં આવશે. રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય, કર્મચારી અને તાલીમ વિભાગ તથા રાજ્યો સહિતના પ્રમુખ હિતધારકો પાસે ભલામણો મંગાવી છે. તેઓએ નિર્ધારિત સમય મર્યાદાની અંદર ભલામણો આપવાની રહેશે. દેશના ૧ કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સ આઠમા પગાર પંચની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. વર્તમાનમાં સાતમું પગાર પંચ લાગુ છે. જેનો સમયગાળો ડિસેમ્બર, ૨૦૨૫માં પૂર્ણ થવાનો છે. દર ૧૦ વર્ષે નવા પગાર પંચની રચના કરવામાં આવે છે. જે તે સમયની આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સના પગાર તથા પેન્શનમાં સંશોધન થાય છે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમા પગાર પંચની જાહેરાત થઈ હતી. આઠમા પગાર પંચની ભલામણો વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધી લાગુ થઈ શકે છે. પંચ ફિટમેન્ટ ફેક્ટરના આધારે પગારમાં વધારો કરી શકે છે. જેનાથી કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં વૃદ્ધિ થશે.

# ગુજરાત સરકારે ટેકાના ભાવે ખરીદેલી મગફળી મણ દીઠ રૂપીયા ૨૫૬ ની ખોટ સાથે વેચી નાખી

પ્રતિનિધિ,ગાંધીનગર

ચાલુ વરસે સરકારે રૂપીયા ૧૩૫૬ ના ટેકાના ભાવે ખેડુતો પાસેથી ૧૩.૫૭ લાખ ટન મગફળીની ખરીદી કરી હતી.

ખરીફ સીઝનનો મગફળીનો માલ બજારમાં આવે તે અગાઉ જુના પડતર માલના નિકાલ માટે સરકારે ખુલ્લા બજારમાં ૭૦ ટકા જેટલા જથ્થાનુ વેચાણ કરી દીધુ હોવાનુ નાફેડના ટોચના આધારભુત સુત્રો દ્વારા જાણવા મળેલ છે.



નાફેડના આ સુત્રોના જણાવ્યા મુજબ સરકારે ૧૩.૫૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી હતી. તેમાંથી હવે ૪.૩૩ લાખ ટન મગફળીનો સ્ટોક પડતર છે. ખરીફ સીઝનમાં મગફળીના નવા પાકની આવક બજારમાં આવતા હજુ બે મહિના જેટલો સમય બાકી છે અને તે સમયગાળા દરમિયાન પણ પેન્ડીંગ રહેલ ૪.૩૩ લાખ ટન માંથી શકય હોય તેટલા માલનો નિકાલ કરવામાં આવશે. વન પ્લસ વન જેવા સીધા સાદા ગણિતનો ઉપયોગ કરીએ તો સરકારે ૧૩૫૬ ના પ્રતિ મણના ભાવે મગફળીની ખરીદી કરી હતી અને બજારમાં આ મગફળી રૂપીયા ૧૦૮૦ થી ૧૧૦૦ ના ભાવે વેચવામાં આવી છે. આમ મણ દીઠ રૂપીયા ૨૫૬ ની ખોટ સરકારે સહન કરી છે. મગફળી ખરીદીની પ્રકીયામાં જોડાયેલા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ વગેરેના પગાર , ભથ્થા એક સ્થળે થી બીજા સ્થળે મગફળી લઈ જવા માટે થયેલા ટ્રાન્સપોર્ટેશનના ખર્ચ, સંગ્રહ માટેના ગોડાઉન ભાડા જેવી બાબતોનો ઉમેરો કરીએ તો ખોટનો આંકડો ઘણો વધી જવા પામે છે.

ગુજરાતમાં ૪.૩૩ લાખ ટન, રાજસ્થાનમાં ૩.૫૦ લાખ ટન, અને ઉત્તર પ્રદેશમાં ૩૦ હજાર ટન મગફળીનો જથ્થો સ્ટોકમાં પડયો છે. આ મુજબ દેશમાં ૮ લાખ ટન જેટલી મગફળી સ્ટોકમાં પડી છે. આગામી બે મહિનામાં નવા માલની આવક શરૂ થઈ જશે, અત્યારે સીંગદાણામાં નિકાસની માંગ ઘણી ઓછી છે આવી જ રીતે એકસપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલાઓ પાસે પણ ઘણો માલ પડતર હોવાથી ભાવમાં ખાસ વધારો થાય તેવુ જણાતુ નથી. અધુરામાં પુરૂ ગયા વર્ષ કરતા ચાલુ વરસે મગફળીનુ વાવેતર ૧૧૦ ટકા જેટલુ થયુ છે અને તેના કારણે પણ ગયા વરસે જે ૪૦ લાખ ટનનુ ઉત્પાદન હતુ તે આ વરસે વધીને ૪૩ થી ૪૫ લાખ ટન આસપાસ થાય તેવા પ્રાથમિક અંદાજો અત્યાર થી જ મુકવામાં આવી રહ્યા છે. સરકારે ચાલુ વરસે રૂપીયા ૧૩૫૬ ના ભાવે મગફળીની ખરીદી કરી હતી. ટેકાના ભાવમાં ચાલુ વરસે વધારો કરીને સરકારે રૂપીયા ૧૪૫૨ કર્યો છે.

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૩,૬૩૪નો કડાકો: સોનાના વાયદામાં રૂ.૧૪૮ની વૃદ્ધિ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૧ લપસ્યો

## કોટન-ખાંડી વાયદામાં રૂ.૬૬૦ની તેજી: એલચીનો વાયદો રૂ.૫૨ ઘટ્યો: મેન્થા તેલમાં રૂ.૧૪નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૨૭૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૧૩૪૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૫૮૩૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૮૫૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૧૬૨૫.૯૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૨૭૬.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૧૩૪૮.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૮૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૩૪.૭૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૫૮૩૨.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૧૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૪૯૫ અને નીચામાં રૂ.૯૭૯૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૮૦૬૭ના આગલા બંધ સામે રૂ.૧૪૮ વધી રૂ.૯૮૨૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૮૩ વધી રૂ.૭૯૪૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૯ ઘટી રૂ.૯૯૩૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫ ઘટી રૂ.૯૭૮૬૮ થયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૪૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૪૭૭ અને નીચામાં રૂ.૯૭૮૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૯૮૫૬૮ના આગલા બંધ સામે રૂ.૧૪૭ ઘટી રૂ.૯૮૪૨૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૨૧૦૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૨૧૦૮ અને નીચામાં રૂ.૧૦૯૧૧૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨૮૬૪ના આગલા બંધ સામે રૂ.૩૬૩૪ ઘટી રૂ.૧૦૯૨૩૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૪૯૮ ઘટી રૂ.૧૦૯૧૮૬ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૩૪૯૭ ઘટી રૂ.૧૦૯૧૭૫ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૬૫૧.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૮૮ અને નીચામાં રૂ.૪૪૭૬ના મથાળે અથડાઈ, રૂ.૨ વધી રૂ.૪૪૮૬ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૬૧૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૧૬૨ અને નીચામાં રૂ.૬૦૮૦ના મથાળે અથડાઈ, રૂ.૬૧૭૬ના આગલા બંધ સામે રૂ.૬૧ ઘટી રૂ.૬૧૧૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૧ ઘટી રૂ.૬૧૧૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૨૬૭.૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૨૬૭.૨ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૧૫ના ભાવે ખૂલી, રૂ.૧૪ વધી રૂ.૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો ખાંડીદીઠ રૂ.૬૬૦ વધી રૂ.૫૫૦૦૦ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૮૦૭ના ભાવે ખૂલી, રૂ.૫૨ ઘટી રૂ.૨૭૯૩ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૬૦૬૧.૭૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૭૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૪.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૨૫.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૨૧.૬૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૯.૮૬ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૨.૨૪ કરોડનાં કામ થયાં હતાં. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૦૨૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૦૨૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૮૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૪૩ પોઈન્ટ ઘટી ૨૨૮૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૩.૩ ઘટી રૂ.૨૦૦.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬ ઘટી રૂ.૧૫.૨ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૧૦૮૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૦૬ ઘટી રૂ.૧૦૩૪.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૨૭ ઘટી રૂ.૬.૨ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૭ પૈસા ઘટી રૂ.૭.૮૮ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૩૫ ઘટી રૂ.૨૦૨.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૧૫.૪૫ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯.૫ વધી રૂ.૧૨૦૪.૫ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦૬ ઘટી રૂ.૮૦૩.૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪ વધી રૂ.૨૦૨.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૧૬.૫૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮ વધી રૂ.૧૦૮૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૧૯.૫ વધી રૂ.૨૮૭૧ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૨ વધી રૂ.૮.૯૯ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૪ પૈસા વધી રૂ.૨.૩ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૫.૧૫ વધી રૂ.૨૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૦.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯.૫ વધી રૂ.૧૧૬૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૬૭ વધી રૂ.૨૪૮૦ના ભાવે બોલાયો હતો.

### મહારાષ્ટ્રથી રોજ આવે છે ૩૦,૦૦૦ કિલોથી વધુ ફૂલ

# શ્રાવણ માસમાં ફૂલોની માંગમાં ૧૦૦%નો ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવભક્તિનો માહોલ ચરમસીમાએ છે, અને તેની સીધી અસર ફૂલ બજાર પર જોવા મળી રહી છે. જેમાં વડોદરા શહેરના તમામ શિવ મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડતાં ફૂલોની માંગમાં ૧૦૦%નો જબરદસ્ત વધારો નોંધાયો છે. પરિણામે ફૂલોના ભાવ પણ બે ગણા થઈ ગયા છે અને રસ્તાઓ પર રૂ.૩૦માં મળતો ફૂલનો હાર હવે રૂ.૭૦થી રૂ.૮૦માં વેચાઈ રહ્યો છે.ફૂલ બજારના હોલસેલ વેપારીઓના જણાવ્યા અનુસાર, ગુલાબ સિવાયના મોટાભાગના ફૂલો હાલ મહારાષ્ટ્રના વિવિધ ગામોમાંથી આવી રહ્યા છે. સામાન્ય દિવસોમાં મહારાષ્ટ્રથી ફૂલનો જથ્થો લઈને સરેરાશ ૮થી ૧૦ પિકઅપ વાન વડોદરા આવે છે, પરંતુ શ્રાવણ માસના કારણે આ આંકડો વધીને રોજ ૧૮થી ૨૦ પિકઅપ વાન પર પહોંચી ગયો છે. આ વાહનોમાં આવતા ફૂલનું કુલ વજન ૩૦ હજાર કિલોગ્રામથી પણ વધુ થાય છે. મુખ્યત્વે પીળા અને કેસરી ગલગોટા તેમજ વ્હાઈટ સેવંતી મહારાષ્ટ્રથી આવે છે. જ્યારે ગુલાબ, મોગરો, જુઈ અને લીલી જેવા ફૂલો વડોદરા આસપાસના સ્થાનિક ગામડાઓમાંથી આવે છે. શ્રાવણ માસમાં ભક્તો મોટી સંખ્યામાં ભગવાન શિવના દર્શનાર્થે મંદિરોમાં જાય છે. આ ઉપરાંત, મહિનામાં આવતા તહેવારોમાં પણ મહિલાઓ દ્વારા થતી પૂજા-વિધિમાં ફૂલોનો વ્યાપક ઉપયોગ કરાય છે. મંદિરોમાં શિવલિંગ પર ફૂલ અને હાર ચઢાવવાથી માંડીને ઘરમાં થતી પૂજા માટે પણ ફૂલોની જરૂર પડતી હોવાથી તેની માંગમાં અનેકગણો વધારો થયો છે.

# ગુજરાતના વિકાસના દાવા સામે વાસ્તવિકતા : ૩.૨૧ લાખ આદિવાસી બાળકો હજુ પણ કુપોષણનો ભોગ

પ્રતિનિધિ,ગાંધીનગર

પોષણમુકત ગુજરાતના નારા લગાવાઈ રહ્યા છે. લાખો કરોડો રૂપીયા ગ્રાન્ટ ખર્ચવામાં આવી છે. તેમ છતાંય કુપોષણને દુર કરવામાં સરકારને સફળતા મળી નથી. કેન્દ્ર સરકારે સંસદમાં રજુ કરેલા રીપોર્ટ અનુસાર ગુજરાતમાં ૩.૨૧ લાખ આદિવાસી બાળકો કુપોષણનો શિકાર છે.

ભાજપમાં શાસનમાં સરકારી યોજનાઓ થકી મળતીયા, ભ્રષ્ટ અધિકારી પોષિત થયા છે. પણ બાળકો તો કુપોષિત જ રહ્યા છે. ગુજરાત સરકાર બજેટમાં કરોડો રૂપીયા ફાળવે છે. તેમ છતાંય કુપોષણની સ્થિતિમાં ઝાઝો ફરક પડયો નથી. રાજયમાં કુપોષણનો શિકાર થયેલા બાળકોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે. સંસદમાં ખુદ કેન્દ્ર સરકારે રજુ કરેલા રીપોર્ટમાં ગુજરાતમાં કુપોષણની કેવી સ્થિતિ છે તેનો ખુલાસો કર્યો છે.

જુન ૨૦૨૫ સુધી ગુજરાતમાં ઓછુ વઝન ધરાવતા આદિવાસી બાળકોની સંખ્યા ૧,૭૧,૫૭૦ રહી છે. જયારે અતિ ઓછુ વઝન ધરાવતા ૧,૧૧,૮૬૨ આદિવાસી બાળકો છે. ઓછી ઉંચાઈ ધરાવતા ૩૭,૬૯૫ બાળકો છે. કુલ મળીને ૩,૨૧,૧૨૭ આદિવાસી બાળકો કુપોષિત છે. રાજયના પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, કુપોષણમુકત ગુજરાત અભિયાન, નમો શ્રી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા માતૃત્વ યોજના, મમતા અભિયાન સહિત ઘણી યોજનાઓ અમલમાં છે. દર વરસે કુપોષણ દુર કરવાના નામે લાખો કરોડો રૂપીયા ની ગ્રાન્ટ ખર્ચવામાં આવે છે. તેમ છતાંય ગુજરાતમાં કુપોષણની સ્થિતિ યથાવત રહી છે.



ગુજરાત કરતા બિહાર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ત્રિપુરા, કેરાલા, તામિલનાડુમાં કુપોષિત આદિવાસી બાળકોની સંખ્યા ઓછી છે. ટુંકમાં ગુજરાત કરતા અન્ય રાજયોમાં કુપોષણને લઈને વધુ ધ્યાન અપાયુ હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. જો કે સરકારના દાવાઓ એ છે કે જનજાગૃતિનો અભાવ, આર્થિક ગરીબી , અપુરતો આહાર સહિત અન્ય કારણોસર કુપોષણની સ્થિતિમાં સુધાર આવી શકતો નથી. કરોડો રૂપીયા નુ બજેટ ખર્ચાયા બાદ પણ કુપોષણના દરમાં ચિંતાજનક હદે વધારો થયો છે. એનો અર્થ એ કે મળતીયા ભ્રષ્ટ અધિકારીઓ પોષિત થઈ રહ્યા છે.

# ગાંધીનગરમાં આજે નિવૃત્ત સેના જવાનોના ધરણાં યોજાયા: ૧૦ ટકા અનામત અને ૪૦ ટકા માર્કની શરતનો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરની સત્યાગૃહ છાવણી ખાતે આજે ગુરૂવારે ભારતીય સેનાના નિવૃત્ત જવાનો અને તેમના પરીવારજનોએ રાજય સરકારની નોકરીઓમાં અનામત અને પરીક્ષા નીતી સામે ધરણાં પ્રદર્શન કર્યુ હતું.

નિવૃત્ત સૈનિકોની માંગ છે કે સરકારી નોકરીઓમાં નિવૃત્ત સેનાના જવાનો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈનો સંપૂર્ણ અમલ કરવામાં આવે અને રાજય સરકારની પરીક્ષાઓમાં ૪૦ ટકા માર્ક ફરજીયાત કરવાની શરત હટાવવામાં આવે.

નિવૃત્ત સેનાના જવાનોનુ કહેવુ છે કે દેશની સુરક્ષા માટે વરસો સુધી સેવા આપ્યા બાદ તેમને સરકારી નોકરીઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળવુ જોઈએ. ગુજરાત સરકારે નિવૃત્ત સૈનિકો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરી હતી. પરંતુ તેનો સંપૂર્ણ અમલ ન થયો હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત




સરકારી પરીક્ષાઓમાં લઘુત્તમ ૪૦ ટકા માર્ક ફરજીયાત કરવાની શરતને કારણે ઘણા નિવૃત્ત જવાનો નોકરી મેળવવામાં અસમર્થ રહ્યા છે. તેમનુ માનવુ છે કે આ શરત તેમની શૈક્ષણિક પૃષ્ઠ ભુમિ અને સેનામાં આપેલી સેવાને ધ્યાનમાં લીધા વિના અન્યાયકારક છે.

સત્યાગૃહ છાવણી ખાતે નિવૃત્ત સૈનિકો અને તેમના પરીવારજનો એકઠા થયા હતા. અને શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ નોધાવ્યો હતો. તેમણે બેનરો અને પોસ્ટરો દ્વારા સરકારનું પોતાની માંગણીઓનુ ધ્યાન દોર્યુ હતું. એક નિવૃત્ત જવાને જણાવ્યુ હતુ કે અમે દેશ માટે જીવન જોખમમાં મુકયુ, પરંતુ નિવૃત્તિ બાદ અમને નોકરી માટે સંઘર્ષ કરવો પડે છે. ૪૦ ટકા માર્કની શરત હટાવવી જોઈએ અને ૧૦ ટકા અનામતનો પુર્ણ અમલ થવો જોઈએ.

ગુજરાત સરકારે હજુ સુધી આ ધરણાં પર સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી. પરંતુ રાજયના ગૃહ અને રક્ષા વિભાગના અધિકારીઓએ જણાવ્યુ હતું કે નિવૃત્ત સૈનિકોની માંગણીઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ગુજરાત વિધાનસભામાં અગાઉ ઓબીસી અનામતને લઈને ચર્ચાઓ થઈ હતી. જેમાં ભાજપે ૨૭ ટકા અનામતની હિમાયત કરી હતી. જયારે ૧૦ ટકા અનામતની જોગવાઈને અપુરતી ગણાવી હતી. આ પ્રદર્શનથી રાજય સરકાર પર દબાણ વધ્યુ છે કે તે નિવૃત્ત સૈનિકોની માંગણીઓ પર ઝડપથી નિર્ણય લે.

આ ધરણાં એ ગુજરાતમાં રાજકીય અને સામાજિક ચર્ચાઓને ગરમાવી દીધી છે. વિપક્ષી દળો, ખાસ કરીને કોંગ્રેસ આ મુદ્દે સરકાર પર આક્રમક બની શકે છે, કારણ કે અગાઉ પણ અનામતના મુદ્દે તેમણે આ આંદોલનનુ નેતૃત્વ કર્યુ હતું. નિવૃત્ત સૈનિકોનુ આ પ્રદર્શન રાજયમાં અનામત નીતી અને સરકારી નોકરીઓમાં પૂર્વ સૈનિકોના યોગદાનને માન આપવાની માંગને લઈને નવી ચર્ચાઓ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ના સત્યાગૃહ છાવણી ખાતે નિવૃત્ત સેના જવાનોનુ ધરણાં પ્રદર્શન દેશની સેવા કરનાર પૂર્વ સૈનિકોની નોકરી અને આજીવિકાની ચિંતાઓને ઉજાગર કરે છે. ૧૦ ટકા અનામતની સંપૂર્ણ અમલવારી અને ૪૦ ટકા માર્ક ની શરત હટાવવાની તેમની માંગણીઓ રાજય સરકારમાં પડકારરૂપ છે. આ પ્રદર્શનથી ગુજરાતમાં અનામત નીતી અને પૂર્વ સૈનિકોના રોજગારના મુદ્દે નવો વિવાદ ઉભો થઈ શકે છે. સરકારે આ માંગણીઓ પર ઝડપથી નિર્ણય લેવો પડશે. જેથી નિવૃત્ત સૈનિકોનો વિશ્વાસ જળવાઈ રહે.

# ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરતો વધુ એક બોગસ તબીબ SOGના હાથે પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લામાં બોગસ તબીબો દ્વારા દવાખાનાઓ ચલાવાતા હોવાનું અને ગરીબ દર્દીના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાનું ધ્યાનમાં આવતાં જામનગરની એસ.ઓ.જી. શાખા દ્વારા સમગ્ર જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં દરોડાઓ પાડીને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, અને આવા બોગસ તબીબોને શોધી કાઢીને તેઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગઈકાલે મોડી સાંજે એસ.ઓ.જી.ની ટુકડી કાલાવડના કુંભનાથ પરા વિસ્તારમાં તપાસમાં ગઈ હતી, જે દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં મૂળ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પાનેલી ગામનો વતની દિવ્યેશ પોપટભાઈ રામાણી (ઉ.વ. ૫૦) કે જે ગેરકાયદે રીતે દવાખાનું ચલાવી ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો રંગે હાથ પકડાયો હતો. એસ.ઓ.જી. ની ટીમ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવતાં પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડીગ્રી ન હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

# વડોદરા મંડળ ખાતે મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠકનું આયોજન

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC) ની દ્વિતીય બેઠકનું આયોજન મંડળ રેલવે મેનેજર કચેરી, વડોદરામાં કરવામાં આવ્યું. બેઠકની શરૂઆતમાં, સમિતિના સચિવ અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, શ્રી નરેન્દ્ર કુમારે તમામ સભ્યોનું સ્વાગત કર્યું. આ પછી સમિતિના અધ્યક્ષ અને વડોદરા મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન ના માધ્યમથી તમામ સભ્યોને મંડળની પ્રવૃત્તિઓ અને વિકાસ કાર્યોથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન સમિતિના સભ્યો દ્વારા પોત પોતાના વિસ્તારોની રેલવે સમસ્યાઓ, ટ્રેનોના સ્ટોપેજ, વિસ્તાર, નવી પરિયોજનાઓ ને વહેલા પૂર્ણ કરવા અને મંડળના સ્ટેશનો પર વધુ સારી સુવિધાઓ મુસાફરોને પૂરી પાડવા અંગે પોતાના સૂચનો આપ્યા. મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ તમામ સભ્યોના સૂચનો પર તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી અને કહ્યું હતું કે મુસાફરોની સુવિધાઓનો વિકાસ વડોદરા મંડળની ટોચની પ્રાથમિકતા છે અને આ માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ બેઠકમાં માનનીય સભ્યોમાં સર્વ શ્રી નિપમ રજનીકાંત દેસાઈ, શ્રી ભરત આર ગુપ્તા, શ્રી નિલેશકુમાર આઈ પટેલ, શ્રી ઈશ્વર પી સજ્જન, શ્રી દિલીપ વી કોઠારી, શ્રી વંદનકુમાર બી પંડ્યા, શ્રી ઓમકારનાથ તિવારી, શ્રી એમ. હબીબ લોખંડવાલા, શ્રી ઈન્દ્રવદન એસ જોશી, ડૉ. પારુલ પટેલ, શ્રી કેવલ એન શાહ , શ્રી વ્યાસ મિત્તલભાઈ કૌશલભાઈ, શ્રી અતુલકુમાર એમ બ્રહ્મભટ્ટ, શ્રી શનિલ વી પટેલ, શ્રી રાકેશચંદ્ર વી વ્યાસ, શ્રી કાંતિભાઈ એમ સોઢાપરમાર, શ્રી હર્ષદભાઈ સી રાદડિયા અને અનિલ કુમાર શર્મા ઉપસ્થિત હતા. બેઠકના દરમિયાન વડોદરા મંડળના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં ભારે વાહને લીધો વધુ એક યુવકનો ભોગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં ભારે વાહને લીધો વધુ એકનો ભોગ લીધો હતો. મળતી જાણકારી અનુસાર, શહેરના શીલજ સર્કલ પાસે ટ્રેલરે અડફેટે લેતા એક્ટિવા ચાલક યુવકનું મોત થયું હતું. ૧૮ વર્ષીય તનય પટેલ સાયન્સ સિટીથી ડીપીએસ સ્કૂલ તરફ જઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા ટ્રેલર ચાલકે ટક્કર મારી અને ત્યાંથી તે ફરાર થયો હતો. બનાવમાં યુવકને ગંભીર ઈજા થતા મોત થયું હતું. જેથી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો ઘટનાની જાણ થતા પોલીસને ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. સવારે સાત વાગ્યેને ૨૦ મિનિટે આ ઘટના બની હોવાની માહિતી છે.


## પશ્ચિમ રેલ્વે

### વિવિધ સમારકામ કાર્ય

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6ઠ્ઠો માળ, એન્જી., વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે

| ક્રમ નં. | ટેન્ડર સૂચના નંબર અને તારીખ | કાર્ય અને સ્થાન | કામનો અંદાજિત ખર્ચ | ઇએમડી ₹ |
|---|---|---|---|---|
| 1 | BCT/25-26/159 તા. 28.07.2025 | સાંતાક્રુઝ - વિરારસ્ટેશનો અને સેવા ઇમારતો પર પુરવઠા માટે ટેન્કરો પર નિર્ભરતા ઘટાડવા માટે બોરવેલ પૂરા પાડવા | 1,12,93,256.52 | 2,06,500/- |
| 2 | BCT/25-26/160 તા. 28.07.2025 | મરીન લાઇન ખાર વિભાગ સુધી : ADEN(W/S) - બાંદ્રા અને ADEN (Est/S) ના અધિકારક્ષેત્રમાં ખામીયુક્ત પાણી મીટરની બદલી - | 6,82,055.70 | 13,600/- |
| 3 | BCT/25-26/161 તા. 28.07.2025 | મહાલક્ષ્મી - પશ્ચિમમાં અસુરક્ષિત ટ્રેક્શન ક્યુબિકલને બદલીને નવા ટ્રેક્શન ક્યુબિકલનું બાંધકામ (સંયુક્ત કાર્ય), (R-1). | 82,04,029.60 | 1,64,100/- |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે, સબમિશનની તારીખ અને સમય: તા. 22.08.2025 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 22.08.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0444

અમને લાઈક કરો: facebook.com/WesternRly અમને ફોલો કરો: twitter.com/WesternRly



## પશ્ચિમ રેલ્વે દ્વારા બાંદ્રા ટર્મિનસ ⇌ ઓખા વચ્ચે ખાસ ટ્રેન ચલાવાશે.

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09077 | બાંદ્રા ટર્મિનસ - ઓખા | 14.08.2025 અને 17.08.2025 | 21 : 20 કલાક (ગુરુ અને રવિ) | 16 : 45 કલાક (બીજા દિવસે) |
| 09078 | ઓખા - બાંદ્રા ટર્મિનસ | 16.08.2025 અને 19.08.2025 | 08 : 20 કલાક (શનિ અને મંગળ) | 04 : 00 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ: બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ, જામનગર અને દ્વારકા સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 09077 અને 09078 માટે બુકિંગ 03.08.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.



## શેર સર્ટિફીકેટ ખોવાયેલ છે

હું નીચે સહી કરનાર પંડિત યોગીની મહેન્દ્રકુમાર ઉ.વ.આ.:પુખ્ય, ધર્મે હિન્દુ, રહે. બં. ૧૮, ધર્મનગર સોસાયટી, સાબરમતી રેલ્વે સ્ટેશન પાસે, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. અમારા ધર્મના સોંગંધ લઈ જાહેર કરીએ છીએ કે, અમો વધુમાં જણાવીએ છીએ ધર્મનગર કો.ઓ.હા.સો.લી.ના નામે ઓળખાતી સોસાયટીમાં આવેલ મ.૧૮ જે મિલકત સૌપ્રથમ મારા સાસુના નામે વિદ્યાબેન જયશંકર પંડિતને સોસાયટી દ્વારા ફાળવેલ તેમજ તેમનું અવસાન થતાં તે ત્યારબાદ સોસાયટીના રેકર્ડમાં નોમિનેશન દ્વારા તેમના પુત્ર મહેન્દ્રભાઈ જયશંકર પંડિતનું નામ ચઢાવવામાં આવેલ હતું તેમજ મહેન્દ્રભાઈ જયશંકર પંડિતનું અવસાન તારીખ ૦૭/૦૫/૨૦૨૨ના રોજ થતાં તે ત્યારબાદ તેમના નોમિનેશન દ્વારા તેમજ એફિડેવીટ રજુ કરતાં પંડિત યોગીની મહેન્દ્રકુમારના નામે સદરૂ મિલકત હાલ અમોના માલિકી કબજામાં આવેલ છે. જે મિલકતની માલિકી બાબતે શેર સર્ટિફિકેટ સોસાયટી દ્વારા આપવામાં આવેલ જે શેર સર્ટીફિકેટ અમારી શરતચૂક અને ભુલના કારણે અમોને ઘરમાં ક્યાંય મૂકાઈ ગયેલ છે જે ખોવાઈ ગયેલ લાગે છે. જેની અમોએ ઘણી શોધખોળ કરેલ. પરંતુ તે અમોને મળી આવેલ નથી એટલે આ એફિડેવીટ કરવાની જરૂર પડેલ છે. વધુમાં અમે જણાવીએ છીએ કે અમોની પાસે તેની નકલ કોપી છે તેમજ અમો જણાવીએ છીકે કે અમોએ તે સર્ટિફિકેટ ઉપર કોઈ ધીરાણ લીધેલ નથી તેમજ કોઈ પણ જગ્યાએ લોન લીધેલ નથી. તેમજ અમો જણાવીએ છીએ કે આવી કોઈપણ જવાબદારી ઉભી થશે તો તેની સંપુર્ણ જવાબદારી અમોની છે. તેમજ અમો જણાવીએ છીએ કે સોસાયટી દ્વારા આપવામાં આવેલ અસલ શેરસર્ટીફિકેટ મળી જશે તો અમો જમા કરાવવા બંધનકર્તા રહીશું. આ ઉપરની તમામ હકીકત સાચી તથા ખરી છે. તો જે કોઈને શેર સર્ટીફીકેટ મળે તો ઉપરોક્ત સરનામે દીન-૭માં જાણ કરવા વિનંતી છે.

# બનાસકાંઠા જિલ્લા ડીસા ફટાકડા ફેકટરી બ્લાસ્ટમાં મૃતકોના કુટુંબીજનોને રૂપીયા ૨ કરોડના વળતર મામલે સુપ્રિમે ગુજરાત સરકારને નોટીસ ફટકારી



પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ગઈ તા. ૧ એપ્રિલના રોજ ફટાકડા બનાવતી ફેકટરીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટ અને ૨૧ લોકોના મોતનો મામલો હવે સુપ્રિમ કોર્ટમાં પહોચ્યો છે અને મૃતકોના કુટુંબીજનોએ આ દુર્ઘટનામાં રૂપીયા ૨-૨ કરોડની વળતરની માંગણી કરતા અને સમગ્ર રાજયમાં ફટાકડા ફેકટરીઓની તપાસ થતા સમગ્ર કેસ ગુજરાત બહાર ચલાવવા કરેલી માંગણી પરથી સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકાર તથા રાજયના ચીફ સેક્રેટરી, ગૃહસચિવ અને બનાસકાંઠા જીલ્લા કલેકટરને નોટીસ પાઠવી તા.૨૯ સપ્ટેમ્બર સુધીમાં જવાબ રજુ કરવા આદેશ કર્યો છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં બ્લાસ્ટમાં મુખ્યત્વે પરપ્રાંતિય મજુરો કામ કરતા હતા અને ૨૧ લોકોના મૃત્યુ થયા હતા જેમાં રાજય સરકારે તપાસ માટે ૫ પોલીસ અધિકારીઓની ટીમની રચના કરી હતી અને ૧૫ દિવસમાં સરકારને રીપોર્ટ સોંપવાનો હતો પરંતુ તેમાં હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી તેથી પોતાના કુટુંબના ૬ વ્યકિતઓને ગુમાવનાર ચંદ્રસિંહ નાયક નામના વ્યકિતએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરીને દરેક મૃતકના કુટુંબીજનોને ૨ કરોડ અને ઈજાગ્રસ્તોને રૂપીયા ૫૦-૫૦ લાખ આપવાની માંગણી કરી છે. જેમાં જણાવાયુ હતું કે રાજયમાં ફટાકડાની ફેકટરીઓમાં લાયસન્સ વગર અનેક એકમો ધમધમી રહ્યા છે. તેમાં તપાસ છતાં પણ સલામતી સહિતની વ્યવસ્થાઓની ખામી હોવા છતાં તે ફેકટરીઓની સામે કોઈ પગલા લેવાયા ન હતા અને ફટાકડા ઉત્પાદન તથા વેચાણ માટે જે લાયસન્સ હોય છે તેનુ ઉલ્લંઘન કરાયુ હતું.

જેમાં સુપ્રિમ કોર્ટે તમામ મૃતકોના કુટુંબીજનો વતી આ અરજીને સ્વીકારીને તેના પર રાજય સરકારની નોટીસ ફટકારી છે અને શા માટે તપાસ ગુજરાત બહાર ન મોકલવી તે અંગે પણ સરકારને જવાબ આપવા જણાવાયુ છે.

# સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કાનપુર પ્રાથમિક શાળાના શિક્ષક વિરૂધ્ધ વાલીઓ અને વિદ્યાર્થીઓનો વિરોધ: શિક્ષકની તાત્કાલીક બદલી કરવા ઉગ્ર માંગ

## વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સહિત એસએમસીનો શિક્ષક સામે રોષ : વિદ્યાર્થીઓ શાળામાં ન બેસી શાળાના ગ્રાઉન્ડમાં બેસી રહ્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાની કાનપુર પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮ માં ૧૬૦ કરતા વધુ વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીની અભ્યાસ કરી રહી છે. સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણિત વિજ્ઞાનના હિતેશ પટેલ નામના શિક્ષક દ્વારા ચોકકસ શિક્ષણ તેમજ અશોભનીય વર્તન કરવામાં આવતુ હોવાની લેખિતમાં ફરીયાદ કરાઈ હતી. એક મહિના અગાઉ શાળાના એસએમસી તેમજ વાલીઓ દ્વારા તાલુકા અને જિલ્લા શિક્ષણ વિભાગમાં શિક્ષકની બદલીને લઈને લેખિતમાં ફરીયાદ કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

ગણિત વિજ્ઞાનનું શિક્ષણ ચોકકસ શિક્ષક દ્વારા ન અપાતુ હોવાની સાથોસાથ ફરજ દરમિયાન લાપરવાહી દાખવતા સરકારી શિક્ષક વિરૂધ્ધ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સહિત એસએમસી નો રોષ વ્યકત કર્યો છે. તેમજ તાલુકા શિક્ષણ અધિકારી પણ કાનપુર પ્રાથમિક શાળા ની મુલાકાતે પહોચ્યા હતા. ત્યાં પણ વાલીઓ સહિત વિદ્યાર્થીઓએ માંગ સાથે શિક્ષકની બદલી કરવા માટેના લેખિતમાં ફરીયાદો કર્યા બાદ પણ તંત્ર ન સાંભળતુ હોવાના વિદ્યાર્થીઓ અને વાલીઓએ આક્ષેપ કર્યા છે. એક તરફ રાજય સરકાર તેમજ શિક્ષણ વિભાગ સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોના શિક્ષણનો પાયો મજબુત થાય તે હેતુથી લાખો કરોડો રૂપીયાની ગ્રાન્ટ થકી બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. તો બીજી તરફ સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાની કાનપુર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવનાર હિતેશ પટેલ નામના શિક્ષક વિરૂધ્ધ છેલ્લા એક મહિનાથી ગ્રામજનો તેમજ વાલીઓ સહિત વિદ્યાર્થીઓના વિરોધ બાદ પણ શિક્ષકની બદલી ન થતા વાલીઓએ પોતાના બાળકોને શાળામાં ન મોકલી શાળાના ગ્રાઉન્ડમાં બેસાડી ગણિત વિજ્ઞાનના શિક્ષક વિરૂધ્ધ પોતાનો રોષ ઠાલવ્યો હતો.

શાળા માં ફરજ દરમિયાન શિક્ષક બાળકોને શિક્ષણ આપવાને બદલે ચાલુ ફરજ દરમિયાન હિતેશ પટેલ નામનો શિક્ષક મોબાઈલ તેમજ વિડીયો કોલ સહિત અશોભનીય વર્તન કરતો હોવાના આક્ષેપો કરાયા છે. તેમજ તાલુકા અને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કાનપુર પ્રાથમિક શાળાના ગણિત વિજ્ઞાનના શિક્ષકની બદલી થાય તેને લઈ ઉગ્ર માંગ કરવામાં આવી છે. જો કે વાલીઓએ અને વિદ્યાર્થીઓ સહિત એસએમસીના સભ્યોના વિરોધ સામે સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવનાર ગણિત વિજ્ઞાનના શિક્ષક સામે આગામી સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા શું પગલા લેવાય છે તે હવે જોવુ રહ્યું.

# મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં જમીન વિવાદ ઉગ્ર બન્યો: પૂર્વ ધારાસભ્યના પુત્ર સહિત ૨૦ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ



પ્રતિનિધિ,ગાંધીનગર

મહિસાગર જિલ્લાના બાલાસિનોર-પીલોદરા રોડ પર આવેલી એક જમીનને લઈને ઉભો થયેલો વિવાદ હવે હિંસામાં ફેરવાયો છે. આ ઘટનામાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને અમુલ ડેરીના ડીરેકટર રાજેશ પાઠકના પુત્ર પાર્થ રાજેશભાઈ પાઠક સહિત ૨૦ જેટલા શખ્સો વિરૂધ્ધ બાલાસિનોર પોલીસે ગઈ કાલે મોડી સાંજે ગુન્હો દાખલ કર્યો હતો.

ફરીયાદી જીગર પટેલે આરોપ લગાવ્યો છે કે જમીનની માપણીના મુદ્દે થયેલા ઝઘડામાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. જીગર પટેલ જેઓ ખેતી કામ અને સીવીલ કોન્ટ્રાકટર તરીકે કામ કરે છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે તેઓ તેમના મામાના દિકરા નિતીનભાઈ ભાઈલાલભાઈ પટેલની જમીન પર હાજર હતા. આ જમીન રાજેશ પાઠકની જમીનની બાજુમાં આવેલી છે. ઘટનાના દિવસે રાજેશ પાઠકના પાર્ટનર ટીના મામા જમીનની માપણી કરી રહ્યા હતા. માપણી દરમિયાન તેઓ ફરીયાદીની જમીનની હદ નજીક આવ્યા, જેનો જીગરભાઈએ વિરોધ કર્યો આ વાતથી ટીનામામા ત્યાંથી ચાલ્યા ગયા આશરે દોઢેક વાગ્યાના સુમારે પાર્થ રાજેશભાઈ પાઠક ૪૦ જેટલા શખ્સો સાથે ઘટનાસ્થળે પહોચી અને જમીનની માપણીનો વિરોધ કરનારની ઓળખ માંગી, ટીનામામાએ જીગરનુ નામ આપતા, પાર્થે માપણી ચાલુ રાખવાનુ કહ્યુ, આ દરમિયાન એક અજાણ્યો શખ્સ જીગર પાસે આવીને ગાળો બોલવા લાગ્યો હતો અને જમીનના ૭/૧૨ માં તેમનુ નામ હોવાનો સવાલ કર્યો હતો. જીગરભાઈએ સ્પષ્ટ કહ્યુ કે જમીન તેમના મામાના દિકરાની છે અને તેઓ સંભાળ રાખવા આવ્યા છે.

આ વાતથી ગુસ્સે થયેલા અજાણ્યા શખ્સે અને પછી પાર્થ સહિત અન્ય લોકોએ જીગરભાઈ પર હુમલો કર્યો હતો. ફરીયાદીના કહેવા પ્રમાણે તેમને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. જેમાં તેમના માથાના પાછળના ભાગે, ડાબા હાથની આંગળી પર અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમજ માથાના ભાગે લોહી નિકળ્યુ હતું અને તેમને માથાના ભાગે ૭ ટાંકા લેવાની ફરજ પડી હતી. આરોપીઓએ જીગરભાઈને ફરીથી જમીન પર ન આવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જીગરભાઈને તાત્કાલીક સારવાર માટે બાલાસીનોરની ખાનગી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમણે ૧૦૦ અને ૧૧૨ નંબર પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. પોલીસે ફરીયાદના આધારે પાર્થ રાજેશભાઈ પાઠક અને તેમના ૨૦ સાગરીતો વિરૂધ્ધ મારા મારી, ગાળા ગાળી અને રાયોટીંગ તેમજ ધમકીના આરોપ હેઠળ ગુન્હો દાખલ કર્યો છે.

પોલીસે આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. પરંતુ પાર્થ પાઠક અને તેમના મળતીયાઓ હાલ પોલીસ પકકડથી બચવા ફરાર હોવાનુ જાણવા મળ્યુ છે. ફરીયાદીએ હત્યાના પ્રયાસનો ગુન્હો દાખલ કરવાની માંગણી કરી હતી પરંતુ પોલીસે માત્ર મારા મારી અને રાયોટીંગનો ગુન્હો નોધ્યો હતો જેના કારણે બાલાસિનોર પોલીસની કાર્યવાહી પર અનેક સવાલો ઉભા થયા છે.

પાર્થ રાજેશ પાઠક જેઓ પપ્પુભાઈ તરીકે ઓળખાય છે તે વડોદરા જિલ્લા ભાજપના પ્રભારી અને બાલાસિનોર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય રાજેશ પાઠકના પુત્ર છે. આ ઘટનાએ સ્થાનિક રાજકારણ અને સમાજમાં ભારે ચર્ચા જગાવી છે. જમીન વિવાદના આ કિસ્સામાં હવે પોલીસની આગળની કાર્યવાહી અને આરોપીઓની ધરપકડ પર સૌની મીટ માંડી છે.

# ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકા આવી વિવાદમાં : સોસાયટીની આકારણી માંગતા અરજદારે ચેમ્બરમાં દવા ગટગટાવી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકા ફરી એકવાર વિવાદમાં આવી છે. હવે કલોલ ચીફ ઓફીસર દ્વારા નિયમ પ્રમાણે સોસાયટીની આકારણી માંગતા અરજદારે ચેમ્બરમાં દવા પીધી હતી. દવા પીધા બાદ અરજદારને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે તેમજ કલોલ નગરપાલિકાના ચીફ ઓફીસરે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું કે અરજદારે કલોલ નગરપાલિકામાં એક સોસાયટીની આકારણી માટે અરજી કરી હતી.

બાંધકામ કાયદેસર હોવાનો કોઈ જ પુરાવો ન હોવાથી અરજદાર ઉશ્કેરાઈ ગયા હતા. અરજદારે કલોલ ના સ્થાનિક મોટા નેતાને પણ આ અંગે ફરીયાદ કરી હતી. જે નેતાએ ઉચ્ચ કક્ષાએ નગરપાલિકા વિરૂધ્ધ પણ ફરીયાદ કરી હતી. અરજદારે આવા જ આકારણીના પ્રશ્નમાં નગરપાલિકામાં આરટીઆઈ અરજી કરી હતી.

કેટલી સોસાયટીને છેલ્લા બે વરસમાં બાંધકામ, બીયુ પરમીશન અંગેની માહિતી માંગી હતી. જેની માહિતી અંગે નગરપાલિકા દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો ત્યારબાદ અરજદારે જાતિ ભેદભાવનો આક્ષેપ લગાવ્યો હતો.

કલોલ નગરપાલિકામાં લાફાકાંડ બાદ વધુ એકવાર વિવાદમાં આવી છે. કલોલ ચીફ ઓફીસર દ્વારા નિયમ પ્રમાણે સોસાયટીની આકારણી માંગતા અરજદારે ચેમ્બરમાં દવા પીધી હોવાની ઘટના બની હતી. મળતી માહિતી પ્રમાણે કલોલ નગરપાલિકામાં એક સોસાયટીની આકારણી માટે અરજી કરી હતી. બાંધકામ કાયદેસર હોવાનો કોઈ જ પુરાવો ન હતો. ત્યારબાદ અરજદાર ઉશ્કેરાઈ ગયા હતા. અરજદારે કલોલના એક નેતાને પણ ફરીયાદ કરી હતી. જે નેતાએ ઉચ્ચ કક્ષાએ નગરપાલિકા વિરૂધ્ધ પણ ફરીયાદ કરી હતી. અરજદારે આવા જ આકારણી પ્રશ્નમાં નગરપાલિકામાં માહિતી અધિકાર કાયદા હેઠળ અરજી કરી હતી. કેટલી સોસાયટીને છેલ્લા બે વરસમાં બાંધકામ, બીયુ પરમીશન અંગે માહિતી માંગી હતી. જેની માહિતી નગરપાલિકા દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો ત્યારબાદ નગરપાલિકામાં ચીફ ઓફીસર સાથે અરજદાર દ્વારા એલીગેશન કર્યા હતા. અરજદારે જાતિ ભેદભાવનો આક્ષેપ લગાવ્યો હતો. તેઓએ આત્મહત્યા કરવાની ધમકી આપી હતી અને એમની સાથે લાવેલ બોટલમાંથી દવા પીધી હતી અને બોટલ પણ સાથે લઈ ગયા હતા.

# આજે ઓપીએસ ના મુદ્દાને લઈ સરકારી કર્મચારીઓની દેશવ્યાપી રેલી : ગુજરાતના દોઢ લાખ કર્મચારીઓ રેલીમાં ભાગ લેશે



પ્રતિનિધિ,ગાંધીનગર

દેશભરમાં જુની પેન્શન યોજના માટે રાષ્ટ્રીય આંદોલન ચાલી રહ્યુ છે જેને લઈ આજે તા. ૧ ઓગસ્ટે ભારતમાં સરકારી કર્મચારીઓની વિરોધરેલી કાઢવામાં આવનાર છે. જેમાં ગુજરાતના લગભગ દોઢ લાખ સરકારી કર્મચારીઓ જોડાવવાના છે. જેમાં રાજકોટ જિલ્લાના ૬ હજાર કર્મચારીઓ કે જેઓ નવી પેન્શન યોજના હેઠળ છે. જુની પેન્શન યોજના લાગુ કરવાની માંગ ઉઠાવશે, જો સરકારના સાંસદો અને ધારાસભ્યો માટે જુની પેન્શન યોજના હજુ પણ અમલમાં છે. તો પછી સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના કેમ બળજબરીથી લાગુ કરવામાં આવી છે ? આ પ્રશ્ન સાથે આજે તા. ૧ ઓગસ્ટે રેલી કાઢવામાં આવશે. સરકારી કર્મચારીઓ તા. ૧ ઓગસ્ટથી ૨૫ નવેમ્બર સુધી દિલ્હીમાં ભુખ હડતાળ, ટવીટર ઝુંબેશ અને ધરણાં સહિત વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમોનુ આયોજન કરશે. એક તરફ જયારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે રાજકોટ ના એક શિક્ષક છત્રી લઈને જુની પેન્શન યોજનાનો વિરોધ કરશે, તેવી જ રીતે અન્ય જિલ્લાઓમાં સરકારના વિવિધ વિભાગોના કર્મચારીઓ તા. ૧ ઓગસ્ટથી ૨૫ નવેમ્બર સુધી ૩ તબકકામાં નવી પેન્શન યોજનાનો વિરોધ કરશે.

રાજકોટ શહેરમાં પણ આજે તા. ૧ ઓગસ્ટ સાંજે ૫:૩૦ કલાકે બહુમાળી ભવન ચોકથી કલેકટર ઓફીસ સુધી વિરોધ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સરકારી શિક્ષકો સહિત ૫૦૦ થી વધુ સરકારી કર્મચારીઓ ભાગ લેશે. આ સંદર્ભે રાજકોટ શહેર પ્રાથમિક શિક્ષક મંડળના મહામંત્રી પીયુષ ભુવાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું કે આજે તા. ૧ઓગસ્ટ થી દેશભરમાં વિરોધ રેલીઓનુ આયોજન કરવામાં આવ્યુ છે અને ત્યારબાદ ધીમે ધીમે આંદોલનાત્મક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે. જેમાં ભુખ હડતાળ, ટવીટર ઝુંબેશ અને અંતે ૨૫ નવેમ્બર ૨૦૨૫ ના રોજ દિલ્હીમાં દેશભરના એનપીએસ એટલે કે નવી પેન્શન યોજના ના કર્મચારીઓ દ્વારા ધરણાં પ્રદર્શનનો સમાવેશ થશે.

પીયુષ ભુવા એનપીએસ અને યુપીએસ માટે સરકારી કર્મચારીઓ પાસેથી કાપવામાં આવેલા બધા પૈસા,સરકાર હાલમાં શેર બજારમાં રોકાણ કરી રહી છે અને ઉદ્યોગપતિઓને ધનવાન બનાવી રહી છે. હાલમાં એનપીએસ (નેશનલ પેન્શન સ્કીમ) અને યુપીએસ (યુનીફાઈડ પેન્શન સ્કીમ) અમલમાં છે. જેના કારણે જયારે શિક્ષક ૫૮ વરસની ઉંમરે નિવૃત્ત થાય છે ત્યારે તેમને પેન્શન તરીકે માત્ર ૨ હજાર થી ૪ હજાર રૂપીયા મળે છે જે બિલકુલ વ્યાજબી નથી, ધારાસભ્યો અને સાંસદ સભ્યો માટે જુની પેન્શન યોજના હાલમાં અમલમાં છે. જો નવી પેન્શન યોજના આટલી સારી છે તો પછી ધારાસભ્યો અને સાંસદો માટે નવી પેન્શન યોજના કેમ લાગુ કરવામાં આવી રહી નથી ? હિતેશ રાઠોડ ના કહેવા પ્રમાણે એનએમઓપીએસ ના નેજા હેઠળ નવી પેન્શન યોજના અને સંકલીત પેન્શન યોજના સામે આજે તા. ૧ ઓગસ્ટના રોજ વિરોધ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સમસ્યા ગુજરાતભરના લગભગ ૧.૫ લાખ સરકારી કર્મચારીઓને અસર કરે છે. જેમાં રાજકોટ શહેરના ૬ હજાર કર્મચારીઓ, રાજકોટ શહેરના અન્ય ૭૦૦ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

અમારી માંગણી એ છે કે ૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ કાર્યરત તમામ સરકારી કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે, આ ઉપરાંત અન્ય મુદ્દાઓમાં શાળાઓમાં શિક્ષકોની અછતનો પણ સમાવેશ થાય છે.

મ્યુનિસીપલ શાળાઓના જે શિક્ષકોને અન્યાય સાથે જિલ્લામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે તેમના પેન્શનને મંજુરી આપવાનો પ્રશ્ન છે, ઉપરાંત એચટીએટી ના આચાર્યોને તેમની સેવા ક્રમિક રીતે ગણીને ટ્રાન્સફર કરવાના મુદ્દાઓ છે. આ ઉપરાંત શિક્ષકોને ચુંટણી સંબંધીત કામ સહિત વિવિધ કાર્યોમાં વ્યસ્ત રાખવામાં આવી રહ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડી રહી છે જે પણ એક મોટો મુદ્દો છે.

# આત્મ વિલોપનની ચીમકી આપ્યાના કલાકોમાં જ ભાવનગર મેયર ના સુર બદલાઈ ગયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપમાં જુથવાદ અને પદાધિકારીઓના સંકલનના અભાવે એકલા પડી રહેલા મેયરે મીજાજ ગુમાવી દીધો, ભાવનગરના પ્રથમ નાગરીક એટલે કે મેયરે ભાજપના વોટસએપ ગૃપમાં ગઈ કાલે મધરાત્રે ૧૧:૪૪ કલાકે મેસેજ સેન્ડ કરીને આંતરીક ટાંટીયા ખેંચ, જુથવાદના લીધે પોતે સહન કરીને થાકી ગયા હોવાથી આત્મ વિલોપન કરવા સુધીની ચીમકી ઉચ્ચારતા ભાજપમાં ભડકો થયો હતો. ગણતરીની મીનીટોમાં જ મેસેજ વાયુ વેગે વાયરલ થઈ ગયો હતો. તો સવાર પડી ત્યાં સુધીમાં એટલે કે કલાકોના નાટક બાદ યુટર્ન આવી ગયો હતો અને મેયરે સુર બદલી નાખ્યા હતા.

જો કે ભાજપમાં યાદવાસ્થળી ના લીધે ભારેલો અગ્ની છે. મહાનગરપાલિકાના મેયર ભરત બારડે ગઈ કાલે પોતાની હૈયાવરાળ કાઢતો મેસેજ વાયરલ કર્યો હતો. ભાજપના જ ગૃપમાં મુકેલા મેસેજ ને ગણતરીની મીનીટોમાં જ તાત્કાલીક ડીલીટ કરી દેવામાં આવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તે મેસેજ વાયરલ થઈ જતાં ભાજપમાં ભડકો થઈ ગયો હતો. અધુરામાં પુરૂ ભાજપના પ્રદેશ મહામંત્રી રત્નાકરજી પક્ષના કામ માટે ભાવનગર આવી રહ્યા હતા જે પુર્વે મેયરના મેસેજથી ભાજપમાં ભારે ગરમાવો આવી ગયો હતો. પક્ષ પ્રમુખ કુમાર શાહ અને મેયર ભરતભાઈ પટેલ વચ્ચે પ્રોટોકોલ અને સ્વમાનની લડાઈથી ભાજપમાં ભડકો થઈ ગયો હતો. જેની આગની જવાળા આગામી સમયમાં કોઈકને દઝાડશે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

જો કે પક્ષના સીનીયરો પાળી ઉપર બેઠા બેઠા મુંછે તાગ દઈને હસતા હતાં. સમગ્ર મામલા પાછળનુ મુખ્ય કારણ એ હોવાનુ મનાઈ રહ્યુ છે કે તાજેતરમાં મહાનગરપાલિકામાં એક સાથે ૭૯ અધિકારી, કર્મચારીઓની બદલીઓનો ગંજીપો ચીપવામાં આવ્યો હતો. જેથી ગંધ પણ મેયર ને આવી ન હતી.

દરમિયાન દબાણ વિભાગના કર્મચારી બુપેશ ધાંધલીયાની કમિશ્નરને ફોન કરીને મેયરે સીંગલ ઓર્ડર થી પશુ ત્રાસ વિભાગમાં બદલી કરાવી નાખી હતી. જે બદલીની સંગઠનને જાણ થઈ હતી, એટલે પ્રમુખ કુમાર શાહે મેયર સાથે વાતચીત કરી હતી, બદલી પુર્વે સંગઠનને જાણ કરવા મેયરને ટકોર કરી હતી. પરંતુ મેયર અગાઉની બદલીથી ભારોભાર નારાજગી હતી. એટલે પ્રમુખનુ રોકડુ પરખાવી દીધુ હતું કે ૭૯ કર્મચારી , અધિકારીની બદલીમાં મને પુછવાનું ? બદલીઓના મામલે પક્ષ વિશ્વાસમાં લીધા વગર નાખે છે.

જયારે એક બદલી કરવા માટે તેમને પ્રમુખ કુમારશાહે પ્રોટોકોલની વાત કરી હતી. તો મેયર સ્વમાનની લડાઈ લડયા હતા. બંને વચ્ચે મતભેદો થવા બાદ રાત્રે જ ગૃપમાં મેસેજ પડયો હતો. બંને વચ્ચે મતભેદ થયા બાદ રાત્રે જ ગૃપમાં મેસેજ પડયો હતો. જે મેસેજે ભાજપમાં ભડકો કરી દીધો છે.

શહેર ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને શહેર પ્રમુખ કુમાર શાહ, મેયર ભરતભાઈ બારડ વચ્ચે બેઠક થઈ હતી. આ વેળાએ બંને પદાધિકારીઓને સમજુતી કરીને આગળ વધવા તેમજ સંકલનથી કામ કરવા શીખ આપી હતી. ભરતભાઈ અમારા સીનીયર અને વડીલ કાર્યકર છે, જે કંઈ પ્રશ્ન હસે તે સાથે બેસીને ચર્ચા વિચારણા કરીને તેનો ઉકેલ લાવીશુ, મેં ગૃપમાં જોયુ ત્યારે મેસેજ ડીલીટ કરેલ હતા. મેં મેસેજ ડીલીટ નથી કર્યા, મેસેજ ડીલીટ કરવા પાછળનુ કારણ જે વ્યસ્ત પાર્ટી માટે યોગ્ય લાગતુ ન હોય તે ડીલીટ કરી નાખ્યુ હશે. મેયરનો જે કંઈ પ્રશ્ન હશે તે અમે સાથે બેસીને ઉકેલ લાવીશુ, તેવો પાર્ટીનો પ્રશ્ન છે. પરીવારની વાત છે એટલે જે કંઈ હશે તેની સાથે બેસીને ચર્ચા કરીને નિકાલ કરાશે.

## જોડીયામાં નર્સિંગનો કોર્સ કરતી હતી યુવતી

# ૨૧ વર્ષીય અપરણીત યુવતી એકાએક લાપત્તા બની જતાં પરિવાર ચિંતિત બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના જોડિયામાં રહેતી અને નર્સિંગનો કોર્સ કરતી ૨૧ વર્ષીય અપરણીત યુવતિ પોતાના ઘેરથી એકાએક લાપતા બની ગઈ હોવાથી પરિવારજનો ચિંતિત બન્યા છે, અને આ મામલે પોલીસમાં ગુમ નોંધ કરાવાઈ છે. જેને જોડિયા પોલીસ શોધી રહી છે.

આ બનાવની વિગત એવી છે કે જોડીયામાં લક્ષ્મીમાતાના મંદિર પાસે પટેલ વાસના ચોરા વિસ્તારમાં રહેતી અને નર્સિંગનો અભ્યાસ કરતી રીનાબેન રમેશભાઈ શીરોયા નામની ૨૧ વર્ષની યુવતી કે જે ગત ૨૯-૭-૨૦૨૫ ના રાત્રિના કોઈપણ સમયે પોતાના ઘેરથી એકાએક નીકળીને લાપતા બની ગઈ છે. જેનો અનેક સ્થળે શોધખોળ કર્યા પછી પણ કોઈ પત્તો સાંપડ્યો નથી. પોતાના સગા સંબંધી તથા અન્ય પરિચિતોને ત્યાં તપાસ કરી લીધા બાદ પણ કોઈ પત્તો નહી સાંપડતાં આખરે જોડીયા પોલીસનો સંપર્ક સાધ્યો હતો, અને ગુમ નોંધ કરાવવામાં આવી છે. જેના અનુસંધાને જોડિયા પોલીસ દ્વારા તેણીની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

## ધ્રોળના વાંકિયા ગામની ઘટના

# બુઝુર્ગ મહિલાએ ઝેરી ટિકડા ખાઈ આપઘાત કર્યો

## મૃતક વૃદ્ધા ચંદ્રિકાબેન, કે જેઓ છેલ્લા કેટલાક સમયથી પગની બીમારીથી પીડાતા હતા તેથી તેમને આ પગલુ ભર્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના વાંકીયા ગામમાં રહેતા ચંદ્રિકાબેન ચમનલાલ રાણીપા નામના ૬૫ વર્ષના મહિલાએ ગઈકાલે પોતાના ઘેર ઝેરી દવાના ટીકડા ખાઈ લેતાં તેઓને હોસ્પિટલમાં ખસેડાયા બાદ સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું છે. આ બનાવ અંગે મૃતક ચંદ્રિકાબેનના પુત્ર બેચરભાઈ ચમનભાઈ રાણીપાએ પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.જે.જાડેજા બનાવના સ્થળે તેમજ હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને ચંદ્રિકાબેનના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક વૃદ્ધા ચંદ્રિકાબેન, કે જેઓ છેલ્લા કેટલાક સમયથી પગની બીમારીથી પીડાતા હતા, અને તેનો દુખાવો સહન નહીં થતાં ઘરમાં પડેલા ઝેરી ટીકડા ખાઈ લઈ આત્મહત્યાનું પગલું ભરી લીધાનું જાહેર કરાયું છે.